## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... તમે કહ્યું તેમ ડુપ્લીકેટ કાર્ડ બનાવનારને પકડી લાવ્યો છું... પણ સાહેબ તમે ચેક કરો કે આ એ જ છે કે તેનો ડુપ્લીકેટ છે...?

# શહેરમાં વરસાદી પાણીના ખાબોચીયા મચ્છરોનું ઉદભવ સ્થાન બન્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા અઠવાડીયાથી મેઘરાજા ધીમીધારે વરસી રહ્યા છે. વરસતા વરસાદને પગલે શહેરના સેકટરોમાં ઠેર-ઠેર પાણીના ખાબોચીયા અને કાદવ કિચડ નજરે પડે છે. શહેરમાં ગંદકીને અનુલક્ષી મચ્છરોનો ઉપદ્વવ વધી જવા પામ્યો છે. નગરમાં ઘેર-ઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. નગરમાં વાહકજન્ય રોગચાળો માથું ઉંચકે તેવી દહેશત છે. હોસ્પિટલની ઓપીડી દર્દીઓથી ઉભરાઈ રહી છે ત્યારે તંત્ર દ્વારા ખાસ તકેદારીના ભાગરુપે પાણીના ખબોચીયામાં દવાનો છંટકાવની કામગીરી હાથ ધરી છે.

છેલ્લા એક અઠવાડીયાથી શહેરમાં વરસાદી વાતાવરણ જામ્યું છે. હવામાન વિભાગ દ્વારા પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. શહેરમાં સતત ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. વાદળીયા વાતાવરણમાં વાઈરલ ફીવરના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. ત્યારે શહેરના માર્ગોની આસપાસ તેમજ સેકટરોમાં ઠેર-ઠેર વરસાદી પાણીના ખાબોચીયા ભરાયેલા દ્રશ્યમાન થાય છે. આ



ગંદા પાણીના ખાબોચીયા, કાદવ કિંચડ અને ગંદકીમાં રહેવા માટે નાગરીકો મજબુર બન્યા છે. ચોમાસાની સિઝનમાં ગંદકી શહેરમાંથી હટવાનું નામ લેતી નથી જ્યારે સફાઈના અભાવે મચ્છરોનો ત્રાસ પણ વધતા નાગરીકોને રાત્રે ઉજાગરા કરવા પડે તેવી સ્થિતિ ઉદભવી છે. શહેરમાં વાહકજન્ય રોગચાળો ફેલાય તેવી દહેશત ઉભી થવા પામી છે. શહેરમાં વસાહતીઓમાં ઘેર ઘેર બિમારીના ખાટલા છે ખાનગી તેમજ સરકારી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. શરદી, ખાંસી, તાવ, માથુ દુખવું, પેટમાં તકલીફ, શરીર તુટવું તેમજ ઝાડા-ઉલ્ટીના કેસ વધુ જોવા મળી રહ્યા છે.ત્યારે પરિસ્થિતિને અનુલક્ષી તંત્ર દ્વારા પણ આરોગ્ય સેવા વધુ સુદ્રઢ બને તેની વ્યવસ્થા કરાઈ છે. જ્યારે વરસાદી પાણીના ખાબોચીયામાં દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે. વાહકજન્ય રોગચાળો માથું ના ઉંચકે તેની તકેદારી રાખવામાં આવી છે. વરસાદી પાણીના ખાબોચીયા તેમજ કાદવ-કિચડને કારણે ૭ ફેલાયેલી ગંદકી છે તેને તંત્ર દ્વારા સત્વરે દુર કરાય તેવી લાગણી અને માંગણી શહેરીજનોની છે.

## ખૂણે ખાંચરેથી...

● માણસાની હોટલના કર્મચારીના શંકાસ્પદ મૃત્યુ અંગે પૂનાની વાઈરોલોજીકલ ઈન્સ્ટીટ્યુટે આપેલા અહેવાલમાં તેનુ મોત કોંગો ફિવરથી નહિ પણ અન્ય કારણ હોઈ શકે તેમ જણાવતાં આરોગ્ય તંત્રએ રાહતનો દમ લીધો છે.

● રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘ ગઈકાલે સિનેમેટીક ટુરીઝમના ઉદ્દઘાટન કાર્યક્રમ પૂર્વે સ્ટેજ પર પડી ગયા હતા. જો કે તેમને સામાન્ય ઈજાઓ જ થઈ હોવાનું જાણવા મળેલ છે.

● ગાંધીનગર જિલ્લામાં શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી માટે આજે ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યા હતા.

● જિલ્લામાં ઈલેકશન ઓળખ કાર્ડ પી.વી.સી. શીટ પર તૈયાર કરી આપવા માટેના છ કેન્દ્રોને અધિકૃત કરવામાં આવ્યા છે. જેમાં તમામ મામલતદાર કચેરી અને જનસેવા કેન્દ્રનો સમાવેશ થાય છે.

● આજે સિનેમેટિક ટુરિઝમના સેમિનાર દરમ્યાન કલોલમાં વખારિયા ગૃપે હોટલની સ્થાપના માટે તેમજ અડાલજ ખાતે મીની થિયેરનો પ્રોજેક્ટ સ્થાપવા માટે એક કંપનીએ પ્રવાસન નિગમ સાથે એમ.ઓ.યુ. કર્યા હતા.

● આજે પવિત્ર શ્રાવણ માસનો છેલ્લો સોમવાર હોવાથી શિવમંદિરોમાં શિવભક્તોની ભારે ભીડ હતી તો બજારમાં ફરાળી વાનગીઓ ખરીદવાની ભારે ભીડ જોવા મળી હતી.

● ઘ-૨ ના સર્કલ પર છેલ્લા એક મહિનાથી કેમેરા લગાવવા માટે એન્ગલો લગાવાઈ છે પણ હજુ સુધી કેમેરા ફીટ ન કરાતાં વસાહતીઓમાં ચર્ચા જાગી છે.

● ન્યુક્રેડિટ સોસાયટીએ કર્મચારીઓને અપાતા ધિરાણની મર્યાદા વધારીને રૂ. ૬ લાખ કરવાનો ઐતહાસિક નિર્ણય લીધેલ છે.

## પાવન પર્યુષણ (ત્રીજો દિવસ)

પ.પૂ.આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબની અમૃતવાણી

### આત્મશુદ્ધિનું મહાપર્વ પર્યુષણ

આ યુગ એ ભૌતિક વિકાસનો યુગ છે. આ યુગમાં આધ્યાત્મિક વિકાસ મંદ પડે છે પણ છતાંય આપણા સૌના સદ્‌ભાગ્ય આધ્યાત્મિક વિકાસના સાધનો આપણી પાસે છે જ. પર્યુષણની ઉજવણી એ આપણા આધ્યાત્મિક વિકાસની જરૂરીયાત છે.




પર્યુષણના ત્રીજા દિવસે પૌષધ વ્રત અંગેનું પ્રેરક પ્રવચન થતું હોય છે. આ પૌષધ અંક અદ્‌ભુત આત્માનું ઔષધ છે. વિશ્વમાં આજે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વધે છે. વિશ્વ શાંતિ માટે વાતો થાય છે. વાસ્તવિકતામાં કામ નહી વ્યક્તિ શ્રીમંત થાય છે. પણ સુખી કે શાંત નહી. સમાજ પ્રેમમય નથી ધર્મ પણ પોતાનો સત્વ ખોઈ બેઠો હોય તેવું લોકોને લાગે છે. ત્યારે પૌષધ આ તમામ અનુષ્ટોની દવા છે. જૈન સાધુનું જીવન સંપૂર્ણ ઈકોફ્રેન્ડલી અને સંપૂર્ણ ક્રાઈમમુક્ત હોય છે. વિજળીનો યુજ કરનાર જાણતા નથી કે વીજળી ઉત્પન્ન કરવામાં લાખો ગેલેન પાણી વપરાય છે. એ પાણીના અસંખ્ય જીવો પાણીમાં રહેલા હજારો માછલા વિગેરે અધધ જીવોનો સંહાર પછી આ વિજળી પ્રાપ્ત થાય છે. શું એ આપણે માત્ર સ્વકેન્દ્રી બન્યા છે. મને પૈસા મળે, સુવિધા મળે એ માટે હું કાંઈ પણ કરી શકુ એવી આપણી મનોવૃત્તિ છે. નિસ્વાર્થ ભાવે બીજાને સહાય કરવી એ તો જુના જમાનાની વાત થઈ ગઈ છે.

આવા વિષમ સમયમાં જૈન સાધુઓ વિજળી, વાહન જેવા કોઈ પણ સાધનો વિના મોજેથી જીવે છે. પ્રસન્નતાથી જીવન માણે છે. બસ, પોષધમાં આવી જ જીંદગી એક દિવસ પુરતી જીવવાની હોય છે. જૈન ઉપાશ્રયમાં એક દિવસ રહી ધોતીયુ, ખેસ જેવા પારિવારીક વસ્ત્રોમાં અમુક નિશ્ચિત ધાર્મિક વિધિ, તપ, જાપ, સ્વાધ્યાય, ભક્તિના સમન્વય પૂર્વકની દિનચર્યા ખરેખર માણવા જેવી હોય છે.

પ્રારંભમાં કષ્ટમય લાગતી આ વિધિ મનની શાંતિ, શારિરિક સ્ફુર્તિ અને આત્માની શુદ્ધિ બધુ જ આપનારી છે જો કે વર્ષ દરમ્યાન આ પૌષધ ક્યારેય પણ થઈ શકે છે. પણ સંવત્સરી આ પૌષધ વ્રત કરવાનો વિશેષ મહિમા હોય છે. પૌષધ સિવાય પણ જીંદગીમાં કરવા યોગ્ય અન્ય ધર્માનુષ્ઠાનો વાત આજના દિવસે પ્રવચનમાં કરે છે. તે ઉપરાંત જૈન સંઘોમાં આજે પરમ વિંધ જૈન ધર્મ ગ્રંથ શ્રી કલ્પસૂત્રના પૂજન અર્ચન સંબંધ કેટલાક લાભ ભાવિક ભક્તોને ચડાવો બોલીને અપાય છે.

## ધ ઈન્સ્ટીટ્યુશન ઓફ એન્જિનિયર્સનો ૫૭મો સ્થાપના દિન ઉજવાશે

ધ ઈન્સ્ટીટ્યુશન ઓફ એન્જિનિયર્સ ગુજરાત સ્ટેટ સેન્ટર, અમદાવાદનો ૫૭મો સ્થાપના દિનની ઉજવણી ૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે ભાઈકાકા ભવન લૉ ગાર્ડન રોડ, એલિસબ્રિજ અમદાવાદ ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે ઈન્સ્ટીટ્યુશનના પ્રમુખ બેરીના હસ્તે સેન્ટર ફોર કન્ટીન્યુઈંગ એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલોપમેન્ટનું ઉદ્દઘાટન કરવામાં આવશે. આ ઉપરાંત પેટન્ટ, ઈંટેલેકચ્યૂઅલ પ્રોપર્ટી રાઈટ તેમજ ઈકો ફ્રેન્ડલી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના વિષયો ઉપર નિષ્ણાતો વાર્તાલાપ કરશે.

# સે-૨૧માં રહેતા આસી. સબ ઈન્સ્પેકટરનો આપઘાત

**ગાંધીનગર ટ્રાફીક શાખામાં ફરજ બજાવતા હતા : પોતાના ઘરે બપોરે એસીડ ગટગટાવી લઈ કોઈ કારણસર જીવન ટુંકાવ્યુ**

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૨૧ ખાતે સરકારી મકાનમાં રહેતા અને જિલ્લા ટ્રાફીક શાખામાં આસી. સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા ડાહ્યાભાઈ પરમારે આજે બપોરે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર એસીડ ગટગટાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ૫૪ વર્ષીય એએસઆઈના આપઘાતથી પોલીસ તંત્ર તથા સ્વજન ગુમાવનાર પરિવારજનોમાં શોકની લાગણી પ્રવર્તી છે. સે-૨૧ પોલીસે મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

સેકટર-૨૧ ખાતે સ્થિત છ ટાઈપ બ્લોક નં. ૫૪/૨ ખાતે રહેતા ૫૪ વર્ષીય ડાહ્યાભાઈ સોમાભાઈ પરમાર જિલ્લા ટ્રાફીક પોલીસ શાખામાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા હતા. આજે બપોરના અરસામાં તેઓ પોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર તેમણે એસીડની બોટલ લઈને એસીડ ગટગટાવી લીધું હતું. ગંભીર હાલતમાં ડાહ્યાભાઈના પત્નિ વર્ષાબેન તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ આવ્યા હતા. જો કે ફરજ પરના તબીબે તેઓ મૃત હોવાનું જણાવતા પરિવારજનોમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. પોલીસ ખાતામાં ફરજ બજાવતા ડાહ્યાભાઈના મૃત્યુના સમાચારથી જિલ્લા પોલીસ બેડામાં પણ શોકનો માહોલ જોવા મળ્યો હતો. સે-૨૧ પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ જાણવા તજવીજ શરુ કરી છે. જો કે હજુ સુધી આપઘાત કરવા પાછળનું સ્પષ્ટ કારણ જાણવા મળી શકયું નથી.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સોજા ગામે એન્જીનીયરીંગ કોલેજના છાત્રો દ્વારા સ્વચ્છતા મિશન અંતર્ગત ચાલી રહેલી કામગીરીના નિરીક્ષણ માટે આજે રાજ્યના સ્વચ્છતા મિશનના ખાસ અધિક કમિશનર જોશી પહોંચ્યા હતા. આ વેળાએ તેમની સાથે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગન, જિલ્લા કોર્ડીનેટર મહેન્દ્ર ચાવડા તેમજ તાલુકા વિકાસ અધિકારી તેમજ અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

## પિલવાઈ કોલેજમાં ત્રિદિવસીય ટ્રેનીંગ વર્કશોપ યોજાયો

એન.એ.એ.સી. દ્વારા એ-ગ્રેડથી પ્રમાણિત તથા હેમચંદ્રાચાર્યા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયંસ, કોમર્સ કોલેજ પિલવાઈ ખાતે તાજેતરમાં જોડાયેલા નવા અધ્યાપકો તથા કર્મચારીઓ માટે ત્રિદિવસીય ટ્રેનીંગ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં ડૉ. વાય.એચ. રાવલ, ડી.જે. શાહ, કાર્તિકેય ભટ્ટ, ડૉ. ચિરાગ આચાર્ય, ડૉ. જી.જી. બારાત, ડૉ. જી.આર. જાની, ડૉ. વી.બી. મોદી, ડૉ. સી.એ. પટેલ, ડૉ. એમ.પી. એરવાડીયા, ડૉ. કે.એ. પટેલ તથા જસ્મીન પઠાણે તજજ્ઞની ભૂમિકા અદા કરી હતી. વર્કશોપમાં અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર વર્કશોપનું સફળ સંચાલન સંસ્થાના ઉપાચાર્ય ડૉ. એમ.આર. પંડ્યાએ કર્યું હતું.

## કોબા ગામે બીપીએલના લાભાર્થીઓને ગેસ કિટનું વિતરણ કરાયું

કોબા ગામે ભારત સરકાર દ્વારા બીપીએલ લાભાર્થી મહિલા ઉજ્જવલ યોજના અંતર્ગત ગેસકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કોબા ગામના સરપંચ યોગેશ નાયી દ્વારા ગેસ સિલિન્ડર, સગડી, પાઈપ (ગેસ કનેક્શન)નું નિઃશુલ્કપણે વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સરકારશ્રીની વિવિધ યોજનાઓનો માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. જેથી ગામમાં વસતા છેવાડાના પ્રજાજનો પણ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે.

## લેકાવાડા પાટીયા પાસેથી ચોરીના બાઈક સાથે ત્રણ શખ્સો પકડાયા



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એલસીબીની ટીમ ગઈ કાલે લેકાવાડા પાટીયા પાસે વાહન ચેકીંગ કરી રહી હતી ત્યારે શિહોલી મોટી ગામના ત્રણ શખ્સોને ચોરીના બાઈક સાથે પકડી પાડયા હતા. હીરો હોન્ડા ડ્રીમ નીયો બાઈક નં. જીજે-૧૮-સીડી ૨૮૯૫ સાથે પકડાયેલા શિહોલી મોટી ગામના ગગન ઉર્ફે ગગો જોઈતા ઠાકોર, શંભુ પશા પ્રજાપતિ અને રાકેશ શકરા ઠાકોરને પકડીને બાઈકના દસ્તાવેજો અંગે પુછપરછ કરતા આ બાઈક શંભુ અને રાકેશના ઘર આંગણે પચીસેક દિવસ પહેલા કોઈ શખ્સ મુકીને જતું રહ્યું હોવાની કેફીયત તેઓ આપી રહ્યા છે. ત્રણેયની ધરપકડ કરીને બાઈક જપ્ત કરી ચિલોડા પોલીસને વધુ તપાસ માટે સોંપવામાં આવ્યા છે.

# શહેરના વધુ ત્રણ વોર્ડ ઓપન ડેફીનેશન ફ્રી એરિયા ઘોષિત કરવા સાથે વધુ ૧૧ મોબાઈલ ટોયલેટ ખરીદાશે

**જાહેરમાં શૌચ કરનાર સામે દંડનીય કાર્યવાહી કરાશે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના વધુ ત્રણ વોર્ડને ઓપન ડેફીનેશન ફ્રી જાહેર કરવાની સાથે મનપાની સ્થાયી સમિતિએ હવે જાહેરમાં શૌચક્રિયા કરનારાઓ સામે રૂ. ૫૦, ૧૦૦ અને ૫૦૦ લેખે દંડ વસુલવાની દરખાસ્તને પણ આજે બહાલી આપી છે.

જાહેરમાં શૌચક્રિયા કરનાર પ્રથમવાર પકડાશે તો રૂ. ૫૦, તે જ વ્યક્તી પુનઃ પકડાશે તો રૂ. ૧૦૦ અને ત્રીજીવાર પકડાશે તો રૂ. ૫૦૦નો વહીવટીય દંડ વસુલવામાં આવશે તેવી દરખાસ્તને આજે સ્થાયી સમિતિએ બહાલી આપી છે.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં શહેરના વધુ ૩ વોર્ડ નં. ૧, ૪ અને ૬ને પણ ઓપન ડેફીનેશન ફ્રી એરિયા તરીકે ઘોષિત કરવાની દરખાસ્તને પણ બહાલ રાખી છે.

સ્થાયી સમિતિએ આજે વધુ ૧૧ નંગ મોબાઈલ ટોયલેટ ફોરલીટર ખરીદવાનો નિર્ણય કરેલ છે. સ્થાયી સમિતિની સૂચનાથી કરાયેલા આ અંગેના ટેન્ડરીંગમાં સાત જેટલી એજન્સીઓએ ટેન્ડરમાં ભાગ લીધો હતો પરંતુ અમદાવાદના અંબિકા ઈન્ડસ્ટ્રીઝનું ટેન્ડર ૧૫ ટકા નીચુ આવતાં તેની પાસેથી ખરીદવાનો નિર્ણય લેવાયો છે. એક મોબાઈલ ટોયલેટ રૂ. ૨.૮૦ લાખની કિંમતે ખરીદવામાં આવશે. આમ તેને કારણે રૂ. ૨૮.૫૦ લાખના ખર્ચનું ભારણ મનપા પર પડશે. આ મોબાઈલ ટોયલેટ ઓપન ડેફીનેશન ફ્રી એરિયા ઘોષિત થયેલા વિસ્તારોમાં મુકવામાં આવશે. આજની સ્થાયી સમિતિની બેઠકે પેવર બ્લોકની કામગીરી માટે થર્ડપાર્ટી ઈન્સ્પેર્શન માટે નિયુક્ત થયેલ એજન્સીની મુદતમાં પણ વધુ ૬ માસનો વધારો કરવાનો નિર્ણય લીધો છે.

## પ્રમુખસ્વામી મહારાજને જિલ્લા કોંગ્રેસે શ્રદ્ધાંજલિ આપી

ગાંધીનગર, તા. ૩૦

અખિલ ભારતીય કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના નિર્દેશથી દર માસે પ્રદેશ, જિલ્લા, તાલુકા કક્ષાએ કારોબારીની બેઠકો યોજવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક ૨૯-૮-૨૦૧૬ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લગ્નવાડી, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે પ્રદેશ કોંગ્રેસના ઉત્તર ગુજરાત ઝોનના પ્રભારી લાખાભાઈ ભરવાડની ઉપસ્થિતિમાં અને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ પદે યોજાઈ. જેમાં સ્વામીનારાયણ સંપ્રદાયના આધ્યાત્મિક ગુરૂ સ્વ. પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પી શોક ઠરાવ રજુ કરવામાં આવ્યો.

ઉપરાંત વિકાસ કાર્યો, ગ્રાન્ટની ફાળવણીની સમીક્ષા અને અમલીકરણ, બુથ સમિતિઓની રચના પૂર્ણ કરવા, પક્ષના વિવિધ કાર્યક્રમો તેમજ ધાર્મિક અને સામાજિક પર્વોની ઉજવણી, જિલ્લા પંચાયત બેઠકવાર ચિંતન બેઠકો અને નાના સંમેલનો અન્વયે ચર્ચા વિચારણા કરીને નિર્ણયો લેવામાં આવ્યા હતા. અગત્યની કારોબારી બેઠકમાં અમિતભાઈ ચૌધરી, જશુભા રાણા, વી.વી. રબારી, નિશિતભાઈ વ્યાસ, સુરેશભાઈ પટેલ, જુગાજી ઠાકોર,લાલભાઈ પટેલ, યાકુબભાઈ મનસુરી, અરવિંદસિંહ સોલંકી, ગીતાબેન પટેલ, મુલચંદભાઈ રાઠોડ, જયદીપસિંહ ઠાકોર, કનુભાઈ પટેલ વિગેરે આગેવાનો ઉપરાંત તાલુકા, શહેર કોંગ્રેસના પ્રમુખો, તાલુકા-જિલ્લા-પંચાયત-નગરપાલિકાના પ્રમુખો, નેતાઓ, ચેરમેનો, સદસ્યો ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન અને વિવિધ સેલ-ડીપાર્ટમેન્ટના વડાઓ સહિત અનેકવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્પેશિયલ બાળકો માટે ડીપીએસની 'સારાંશ' પહેલનો અનોખો પ્રારંભ

**સારાંશના બ્રાન્ડ એમ્બેસેડર ઈરફાન પઠાણે ભોલારામ એજયુકેશનની પહેલને વધાવી : ઓટિસ્ટક બાળકોને સુગઠિત શિક્ષણ અપાશે : રમેશ ગોએન્કા તથા અપૂર્વ ગોએન્કા એ પ્રોજેકટને વિરલ સ્વપ્ન ગણાવ્યો**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની સુપ્રસિધ્ધ શાળા દિલ્હી પબ્લિક સ્કૂલમાં ભોલારામ એજયુકેશન ટ્રસ્ટ અંતર્ગત સારાંશ ફાઉન્ડેશન ઓટિઝમ ડિસ્કલેસિયા તથા તેવા અન્ય સિન્ડ્રોમ ધરાવતા સ્પેશિયલ બાળકો માટે સુગઠિત શિક્ષણ આપશે. આ પ્રોગ્રામના બ્રાન્ડ એમ્બેસેડર બનેલા ભારતીય ક્રિકેટર ઈરફાન પઠાણે સંસ્થાની આ અનોખી પહેલને વધાવી લીધી



હતી. સોમવારે સાંજે શાહીબાગના સરદાર પટેલ મેમોરિયલ ખાતે 'સારાંશ' પ્રોજેકટનું લોન્ચિંગ કરાયું હતું.

'સારાંશ'ને લોન્ચ કરતા ભોલારામ એજયુકેશન ટ્રસ્ટના ચેરમેન રમેશ ગોએન્કા તથા પ્રો. વાઈસ ચેરમેન અપૂર્વ ગોએન્કાએ સંસ્થાને પોતાનું વિરલ સ્વપ્ન ગણાવ્યું હતું. આ સાથે પોતાની શૈક્ષણિક સંસ્થા ડીપીએસથી 'સારાંશ'ના પ્રારંભ માટે અને વિશિષ્ટ બાળકો માટે એક સુગઠિત શિક્ષણનો પ્રારંભ કરવા બદલ ગર્વની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે ફ્રાંસ ખાતે ઓટિઝમ વિષયે ડોકટરેટ કરનાર પ્રથમા રાઘવને વિશિષ્ટ બાળકોના વાલીઓને ઓટિઝમને રોગ ગણવાને બદલે એક અવસ્થા ગણવા અનુરોધ કર્યો હતો. તેમણે આ સંદર્ભે ભોલારામ એજયુકેશન ટ્રસ્ટ તથા ડીપીએસની પહેલને બિરદાવી હતી. બેંગ્લોર ખાતે 'આશા'માં છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત જયશ્રી રમેશે સમાજથી વિખૂટા પડી રહેલા આ વિશિષ્ટ બાળકોને 'સમાંતર શિક્ષણ' દ્વારા ઘરેલુ હિસાબ, સ્વ. નિર્ભરતા તથા પ્રાથમિક જ્ઞાન આપવામાં આવે તો બાળકોની પ્રતિભા નીખરી આવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે 'સારાંશ'ના બ્રાન્ડ એમ્બેસેડર ઈરફાન પઠાણે આ ઉમદા કાર્યમાં જોડાવા બદલ હર્ષની લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમના અંતમાં ડીપીએસ ગાંધીનગરના ડાયરેકટર રાની ચૌધરીએ આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીગણ ઉપસ્થિત રહ્યા હતાં.